

પંચ ત્યાં પરમેશ્વર



# ૧૩૫ પાટણવાડા સમસ્ત વણકર પંચાયતનું



**કલમ કી તાકત દુનિયા કી હર તાકત સે બડી હૈ ।**
**એક રોટી કમ ખાઓ પર બચ્ચો કો જરૂર પઢાઓ ।**

– જય ભીમ

## સુધારા સાથેનું સામાજિક - બંધારણ

**સ્થળ :** ૧૩૫ પાટણવાડા વણકર સમાજ શૈક્ષણિક ટ્રસ્ટ સંચાલિત "સિદ્ધાર્થ વિદ્યાસંકુલ" સોમનાથ રોડ, મહેસાણા

**સમય :** સંવત ૨૦૭૫ના વૈશાખ વદ નોમ તા.૨૮-૪-૨૦૧૯, રવિવાર (તા.૨૮-૪-૨૦૧૯ થી અમલમાં)

Scanned with CamScanner

# ૧૩૫-પાટણવાડા વણકર સમાજ શૈક્ષણિક ટ્રસ્ટ

# મહેસાણા

સાર્વજનિક ટ્રસ્ટ રજિ. નં. એફ. ૪૬૯ તા. ૨૮-૨-૧૯૯૧
મંડળી અધિનિયમન નોંધણી નં. ગુજ ૪૮૧ મહેસાણા,
તા. ૨૮-૨-૧૯૯૧ ફોન : ૨૩૦૪૧૩




Scanned with CamScanner

# ૧૩૫ પાટણવાડા સમસ્ત વણકર પંચનું

## સુધારા સાથેનું સામાજિક બંધારણ

**અમલ તા. ૨૮/૪/૨૦૧૯ ને રવિવાર થી**

**-: એકતાની કેડીએ :-**

સામાજીક એકતા માટે અનેકાનેક પ્રયત્નો થયા. સમાજે નક્કી કર્યા પ્રમાણે તા.૨૩-૪-૨૦૧૭ના રોજ ૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન પાટણમાં એકતા કરીને મળ્યા. અને સર્વાનુમતે તા.૨૮-૪-૨૦૧૭ ના રોજ ૧૩૫ પાટણવાડા વણકર સમાજ શૈક્ષણિક ટ્રસ્ટની સમાજભૂમિ સિધ્ધાર્થ વિદ્યા સંકુલ માં ખૂબ આનંદ અને હર્ષોલ્લાસ સાથે સાનુકૂળ વાતાવરણમાં સર્વાનુમતે ૧૩૫ પાટણવાડા વણકર પંચ પરગણાંનું સામાજીક બંધારણ બનાવ્યું.

**બંધારણ વિતરણ સ્થળ**

૧૩૫ પાટણવાડા વણકર સમાજ શૈક્ષણિક ટ્રસ્ટ સંચાલિત,
"સિધ્ધાર્થ વિદ્યા સંકુલ"
સોમનાથ રોડ, મહેસાણા
તા.૫-૫-૨૦૧૯



Scanned with CamScanner

# ૧૩૫ પાટણવાડા સમસ્ત વણકર પંચનું સામાજિક બંધારણ

૧૩૫ પાટણવાડા વણકર સમાજ શૈક્ષણિક ટ્રસ્ટ મહેસાણા મુકામે તા.૨૮-૪-૨૦૧૭ના રોજ સમસ્ત વણકરપંચ ના બોલ અને નિર્ણય પ્રમાણે સામાજિક બંધારણ બનાવેલ જેમાં આજ તા.૨૮-૪-૨૦૧૯ ના રોજ સુધારા વધારા કરવામાં આવેલ છે.

ઉદ્દેશ :-

(૧) આ બંધારણનો હેતુ સમાજની ગૌરવશાળી પ્રતિભાને જાળવી રાખી સમાજ બાંધવોને એક સૂત્રથી જોડી, સામાજિક કાર્યો/પ્રસંગો સુખરૂપ પાર પડે તથા સરળ વ્યવહારથી સમાજનો વહીવટ સુચારુરૂપથી થાય તેમ કરવાનો છે. સામાજિક-રૂઢિવાદીમાંથી બહાર નીકળી તંદુરસ્ત પ્રણાલિકાઓ ઉમેરી સામાજીક ચેતના જગાવવાનો છે. સમસ્ત સમાજને ગોળવાડામાં ઓતપ્રોત કરી **"કન્યા ત્યાંનું દહેજ"** ના ધોરણે લગ્ન વ્યવસ્થાને સુદ્રઢ અને સરળ અને વ્યાપક બનાવવાનો છે.

(૨) સમાજમાં વ્યસન મુક્તિ અભિયાન ચલાવી, નશીલા પદાર્થોના સેવન પર પ્રતિબંધ મૂકવાનો છે. સામાજિક કુરિવાજો દૂર કરી-સામાજિક ન્યાય પ્રણાલિને મજબૂત બનાવવાનો છે. સમૂહ લગ્નોના આયોજન કરી, કરાવી આર્થિક રીતે સમાજજનોને ઉપયોગી થવાનો છે, લગ્નપ્રસંગે, છુટાછેડાના સમયે, પુન:લગ્ન





Scanned with CamScanner

અને મરણોત્તર પ્રસંગે સામાજિક નિયમોનું બંધારણ મુજબ પાલન કરી / કરાવી, સામાજિક ચેતના જગાવી, સમાજ સેવા માટેનો છે.

**વિસ્તાર :-**

(૧) ૧૩૫ પાટણવાડાના ગામના સમસ્ત વણકર પંચનું બંધારણ ૧૩૫ પાટણવાડાના તમામ ગામોને લાગુ પડશે અને પાળવા માટે બંધનકર્તા રહેશે.

(૨) કન્યા ત્યાંના દહેજ પ્રમાણે બીજા પરગણામાં લગ્ન થઈ શકશે.

(૩) કન્યા ત્યાંનું દહેજ એનો અર્થ જે કન્યાનાં લગ્ન હોય, તે કન્યાના ગામના પરગણાના બંધારણ પ્રમાણે રીતરિવાજો પાળવાના રહેશે.

(૪) આંતરજ્ઞાતિ લગ્ન તથા કોર્ટમાં થયેલ લગ્ન આમાં અપવાદ ગણાશે. આવા કેસમાં જો કોઈ પ્રશ્ન ઉદ્‌ભવશે તો સમાજ ધ્યાન પર લેશે નહીં.

**વહીવટ :-**

(૧) ૧૩૫ પાટણવાડા વણકર પંચનો વહિવટ ૧૩૫ પાટણવાડાનું સમસ્ત વણકરપંચ કરશે. જ્યારે જરૂર જણાય ત્યારે સમસ્ત





Scanned with CamScanner

વણકર પંચ મળશે. તેમાં પંચના વહિવટને લગતા પ્રશ્નો સામાજિક વ્યવહારને લગતા પ્રશ્નો, રીતરિવાજો, બંધારણની કલમોના ભંગના બનાવો, પંચમાં આવેલી અરજીઓ રજૂ થશે અને તે અંગે ચર્ચા કરવામાં આવશે. પંચમાં બંન્ને પક્ષકારોની રજૂઆતો સાંભળવામાં આવશે. તે પછી પંચ યોગ્ય નિર્ણય લેશે જે અરજી આપનાર પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(૨) આ બંધારણની કલમો/ઠરાવોનો જો કોઈ વ્યક્તિ કે ગામ ભંગ કરશે કે કરાવશે, ભંગ કરવામાં સાથ કે સહકાર આપશે તેઓ પંચના ગુન્હેગાર ગણાશે. સમસ્ત પંચ ગુન્હેગાર વ્યક્તિ કે ગામને ગુન્હાના ગુણદોષ પ્રમાણે યોગ્ય શિક્ષા કરશે.

## સગાઈ વેવાઈવટ તથા લગ્ન વધાવવા વગેરેના નિયમો :-

(૧) સગાઈ કરતી વખતે કન્યાપક્ષ તરફથી વરપક્ષને એક ચલણી રૂપિયો આપશે.

(૨) સગાઈ કરતાં પહેલા કોઈપણ જાતની આલમેલ કરવી નહીં.

(૩) સગાઈ કરાવનાર (મધ્યસ્થી)ને બંન્ને પક્ષ તરફથી રૂા.૨૩૫/- અંકે રૂપિયા બસ્સો પાંત્રીસ આપવાના રહેશે.

(૪) સગાઈ કર્યા પછી દાગીના કે વસ્તુની આપ-લે કરવી નહીં.

(૫) વેવાઈવટ કરવા વધુમાં વધુ ૧૫ માણસોએ જવું. પંદર કરતાં વધુ જનાર બંને પક્ષો ગુનેગાર ગણાશે.

(૬) વેવાઈવટ કરવા આવનાર મહેમાનોને ઘરધણી તથા અન્ય ભાઈઓ તરફથી રૂા.૧૦/- (રૂપિયા દસ) દરેકનો વહેવાર કરવો.





Scanned with CamScanner

પોષાતું હોય તો ઓઢામણું આપવું.

(૭) લગ્ન લેવા જવાની જાણ પત્રથી કરવી, લગ્ન વધાવવા બે માણસોએ જવું. લગ્ન વધાવતી વખતે કન્યા પક્ષ તરફથી એક ચલણી રૂપિયો આપવો. લગ્ન વધાવવા સવારે જઈ, સાંજે પરત આવવાનું રહેશે.

(૮) સગાઈ તોડવાની જાણ પત્રથી સગાઈ કરાવનારને તુરંત કરવી અને સગાઈ કરાવનારે ઘરઘણીને તે અંગેની જાણ પત્રથી તાત્કાલિક કરવી.

નોંધ :- ઉપરના ૧ થી ૮ નિયમોનો ભંગ કરનાર સમાજનો ગુનેગાર ગણાશે તથા સમાજ જે નક્કી કરે તે પ્રમાણેની સજા કરશે.

## જાન અંગેના નિયમો :-

(૧) જાનની વાર-તિથિ બંન્ને પક્ષોએ મળીને નક્કી કરવી, તે પ્રમાણે બંન્ને પક્ષોએ વર્તવાનું રહેશે.

(૨) જાનમાં વર-વાજીંત્રો સહિત નાના-મોટા કુલ ૭૫ (પંચોતેર) જાનૈયાઓને લઈ જઈ શકાશે.

(૩) વાજીંત્રો લઈ જઈ શકાશે ,ડી.જે. અને બેન્ડ માંડવા સુધી લઈ જઈ શકાશે નહીં.

(૪) બન્ને પક્ષોની સંમતિથી જાન જવા / આવવાનો સમય નક્કી કરવો. જમવાનું એક ટાઈમ રહેશે. જાન રાતવાસો રોકાશે નહીં.

(૫) જાનને સીધી ઉતારે લઈ જવી. વરને ઝાંપાનાં તોરણે પોંખવા. જાનીવાસો આપવાનો નથી.

(૬) એક માંડવે બે જાનો હોય તો, જાન આવે તેમ ઉતારે લઈ જવી. બંન્ને વરને માંડવાના ઝાંપાના તોરણે એક સાથે પોંખવા.



Scanned with CamScanner

(૭) જાનને જમણમાં ચોખ્ખા ઘીનો શીરો-દાળ-ભાત સહિત વધારાની ગમે તે શાકાહારી વાનગી આપી શકાશે.

(૮) માંડિયો ફક્ત કન્યા માટે જ લાવવો.

(૯) વરને ફક્ત ફૂલહાર પહેરાવવો.

(૧૦) કન્યાપક્ષ તરફથી માત્ર બાજવટ આપવો. બાજવટ લેતી વખતે વરપક્ષે કંઈ આપવાનું નથી.

(૧૧) લગ્નનું આણું સાત દિવસ રહેશે.

(૧૨) લગ્ન પછી કન્યાને મળવા કન્યાના મા-બાપ જઈ શકશે.

(૧૩) લગ્નનું આણું મૂકવા એક માણસે જવું. આણું મુકવા આવનારને કન્યાપક્ષ તરફથી રૂા.૧૦ (અંકે રૂપિયા દસ) આપવા.

## ભાણા વ્યવહાર અંગેના નિયમો :-

(૧) ભાણા વ્યવહાર વખતે વરપક્ષ તરફથી દાપાના રૂપિયા ૧૦૩૫/- (અંકે રૂપિયા એક હજાર પાંત્રીસ) પુરા ભાણે ભરવા.

(૨) ભાણા વ્યવહાર વખતે વરપક્ષે લગ્ન વિધિ કરાવનારને રૂા.૨૦૦/- (અંકે રૂપિયા બસો) પુરા આપવા.

(૩) ભાણા વ્યવહાર વખતે વરપક્ષે વીરમાયાદેવના રૂા.૨૫/- (અંકે પચીસ પુરા) આપવા જેનું શ્રીફળ લાવી પ્રસાદ વહેંચવો.

(૪) જે ગામમાં તૂરી (બારોટ) હોય તે ગામમાં રૂા.૨૫/- (અંકે રૂપિયા પચીસ) પુરા આપવા. ગામમાં તેમનો વસવાટ નહોય તો આપવા નહીં.

(૫) જે ગામમાં જાન જાય તે ગામમાં મંદિર હોય તો જાનપક્ષ તરફથી રૂા.૫૧/- (અંકે રૂપિયા એકાવન) પુરા આપવા.

(૬) ભાણા વ્યવહાર વખતે વરને ચાંલ્લો કરવો.



Scanned with CamScanner

(૭) ઉપરની કલમ/નિયમમાં જણાવેલ સિવાય વરપક્ષે અન્ય કોઈ જાતનો નાણાંકીય વહેવાર કરવાનો નથી.

## વળતર અંગેના નિયમો :-

(૧) વળતરમાં કન્યાના પિતા/વાલી તરફથી કન્યા માટે કાનની સોનાની બુટ્ટી, કે સોનાની કડીઓ, નાકની સોનાની ચૂની અથવા રવો બધુ મળીને ચાર આની ભાર સોનુ તેમજ પગની ૧૦૦ ગ્રામ ચાંદીની પાયલ આપવી.

## મામેરૂ કે મામા મોળિયાની વિગત :-

(૧) મામેરામાં સહકુટુંબ જઈ શકાશે.

(૨) યથાશક્તિ પ્રમાણે કપડાં અને દાગીના લઈ જઈ શકાશે તેમજ રોકડ રકમ પણ આપી શકાશે.

(૩) વરવાઘા પેટે મોસાળપક્ષ તરફથી રૂા.૫૩૫/- (અંકે રૂપિયા પાંચસો પાંત્રીસ) પુરા રોકડા આપવાના રહેશે.

(૪) મામેરૂ કે મામા-મોળિયાએ ઘરધણી સિવાય બીજે ક્યાંય રોકાવાનું નથી.

(૫) મોસાળ પક્ષમાંથી મામા-મોળિયામાં દાપુ આપવાના પ્રસંગે જાન જે ગામમાં જતી હોય તેના પરગણાના બંધારણ પ્રમાણે દાપુ આપવાનું રહેશે.

(૬) મામેરા ને કે મામા-મોળિયાને નાસ્તો આપી શકાશે.

(૭) મામેરૂ કે મામા-મોળિયાના પ્રસંગે ઓઢામણાં આપવાની છુટ છે.

(૮) મામેરૂ કે મામા-મોળિયાના પ્રસંગે વેવાઈના રૂા.૧૦/- (અંકે રૂપિયા દસ) આપવા.





Scanned with CamScanner

(૯) મામેરૂ કે મામા-મોળિયું અનુકૂળતા પ્રમાણે લેવું.

## પ્રથમ આણા અંગેના નિયમો :-

(૧) પ્રથમ આણું તેડવા જવા માટે પંદર દિવસ પહેલાં વરપક્ષે કન્યાપક્ષને પત્રથી જાણ કરવી.

(૨) આણું તેડવા એક માણસે જવું. તેમણે કન્યાપક્ષને રૂા. ૭૩૫/- (અંકે રૂપિયા સાતસો પાંત્રીસ) પુરા આણાવટના આપવાના રહેશે.

(૩) આણું તેડવા જનારને રૂા.૧૦/- (અંકે રૂપિયા દસ) પુરા કન્યાપક્ષે આપવા.

(૪) આણું તેડવા જનાર સવારે જશે અને સાંજના પરત આવશે.

(૫) પ્રથમ આણું નવ દિવસ રહેશે.

(૬) પ્રથમ આણા વખતે કન્યાના પિતા/વાલીએ કન્યાને પાંચ જોડ કપડાં આપવા.

(૭) કન્યાપક્ષ તરફથી વળતુ આણું તેડવા જનારને વરપક્ષ તરફથી પોસાતુ હોય તો ઓઢામણ આપવું.

## છુટાછેડા અંગેના નિયમો :-

(૧) જો મૂરતિયો કન્યાને ન રાખવા માગતો હોય તો કોરાકાગળે છૂટાછેડા કરવા.

(૨) જો કન્યા છુટી થવા માગતી હોય તો, વરપક્ષને કન્યાપક્ષે સ્વીકારેલ દાપાના રૂપિયા તથા દાગીના પરત કરવા.





Scanned with CamScanner

(૩) ઉપર જણાવેલ બંન્ને સંજોગો/કલમો પ્રમાણે છૂટાછેડા ન થાય તો પક્ષકારોએ આ બાબતની પંચ સમક્ષ રજુઆત કરવી. પંચ આનો નિર્ણય બંન્ને પક્ષોને સાંભળીને આપશે. જે બંન્ને પક્ષોને માન્ય રહેશે.

(૪) ભરણ-પોષણ, દહેજ, ઘરેલું હિંસા વગેરેના કેસ આઈ.પી.સી.ની કલમ ૪૯૮ (ક), ૧૨૫ મુજબના કેસ નામદાર કોર્ટમાં કરતાં પહેલાં સમાજ સભામાં પંચ સમક્ષ રજૂઆત કરવી. આવા કેસોનો નિકાલ સમાજ ૬ માસની મુદતમાં (સમાજ-પંચ મળે ત્યારે) કરી આપવામાં આવશે અથવા સમાજ/પંચ બંન્ને પક્ષને જે તે પ્રમાણે આદેશ આપશે.

(૫) વિધુર કે છૂટાછેડા લીધેલ મુરતિયાએ પુનઃલગ્ન કુંવારી કન્યા સાથે સામાજિક કે કોર્ટ મારફતે કરી શકશે નહીં. તેમ કરનાર બંન્ને પક્ષ ગુનેગાર ગણાશે. તેમની સામે સમાજને યોગ્ય લાગે તેમ કરશે.

(૬) છૂટાછેડા લીધા સિવાય પુનઃલગ્ન કરનાર પંચના ગુનેગાર ગણાશે. તેમજ બંન્ને પક્ષોને સરખા ગુનેગાર ગણવામાં આવશે.

(૭) છૂટાછેડા સમાજ દ્વારા લેવા કોર્ટનો આશરો લેવો નહીં.

## સાજના અંગેના નિયમો :-

(૧) સાજનાનું સગપણ બંન્ને પક્ષોએ નક્કી કરી આણું તેડવા જવું.

(૨) સગપણમાં એક ચલણી રૂપિયો આપવો.





Scanned with CamScanner

(૩) સગપણ કરાવનાર ( મધ્યસ્થી ) ને બંન્ને પક્ષ તરફથી રૂા.૧૩૫/- (અંકે રૂપિયા એકસો પાંત્રીસ )પુરા આપવા.

(૪) સાજનાની કન્યાને તેડવા મુરતિયા સાથે પંદર માણસોએ જવું. સગપણ અને તેડવા જવાની વિધિ એક સાથે રાખવી..

(૫) સાજનાના દાપા પેટે રૂા. ૯૩૫/- (અંકે રૂપિયા નવસો પાંત્રીસ) પુરા ભાણે ભરવા.

(૬) સાજનાનું પલ્લુ થાળમાં મૂકીને આપવું.

(૭) સાજનાના પલ્લા સાથે રૂા. ૨૦૦/- (અંકે રૂપિયા બસો) પુરા મહિલાઓ માટે આપવા.

(૮) સાજનાના પલ્લામાં વરપક્ષ તરફથી જે કંઈ દાગીના, કપડાં લાવે તે સ્વીકારી લેવાં.

(૯) જમણમાં ગમે તે વાનગી/ભોજન આપી શકાશે.

(૧૦) મુરતિયાને ઓઢામણ આપવું. બાકીના ૧૪ (ચૌદ) જણને દસ - દસ રૂપિયાની આલમેલ કરવી.

(૧૧) સાજનાનું આણું તેડવા સવારે જવું અને સાંજે પરત ફરવું.

(૧૨) સાજનાના ભાણા વખતે બ્રાહ્મણને રૂા.૧૦૧/- (અંકે રૂપિયા એક સો એક )પુરા આપવા.

(૧૩) જે ગામમાં તુરી હોય તો તેને રૂા.૧૦ ( રૂપિયા દસ ) આપવા.

(૧૪) જે ગામમાં મંદિર હોય તો ત્યાં રૂા.૨૫( રૂપિયા પચીસ )આપવા.

(૧૫) સાજનાનું આણું સીધું જ મોકલી દેવું.





Scanned with CamScanner

(૧૬) કન્યાના પિતા /વાલીએ કન્યાને પાંચ જોડ કપડાં આપવાં.

(૧૭) વળતુ આણું તેડવા પંદર દિવસે જવું.

(૧૮) વળતું આણું તેડવા આવનારને પોસાતું હોય તો ઓઢામણ આપવું.

(૧૯) વળતુ આણું સવારે તેડવા જઈ સાંજે પરત આવશે.

## સમૂહલગ્નના નિયમો :-

(૧) સમૂહલગ્નનું આયોજન ટ્રસ્ટ, મંડળ, ગામ, સમાજ કે રજીસ્ટર્ડ સંસ્થા કરી શકશે.

(૨) સમૂહલગ્નમાં વર પક્ષ તરફથી ૭૫ (પંચોતેર) જાનૈયાઓ જઈ શકશે.

(૩) કન્યાપક્ષ તરફથી બહેનો જઈ શકશે.

(૪) સમૂહલગ્નમાં વરનો પોષાક, કન્યાના કપડાં, દાગીના, દાપુ જમણ વગેરે અન્ય નિયમો સમાજના બંધારણ પ્રમાણે રહેશે.

(૫) સમૂહલગ્નમાં આવેલ ભેટ, દાન તેમજ અન્ય વસ્તુઓ આણા સાથે આપવાની રહેશે.

(૬) મામેરામાં દાગીના કપડા આપી શકાશે. દાગીનાની જગ્યાએ રોકડ રકમ પણ આપી શકશે.

(૭) સમૂહલગ્નમાં સમાજની કોઈપણ વ્યક્તિ વર-કન્યાને



ઝનૂનથી કામ કરવાથી સફળતા અચૂક પ્રાપ્ત થાય છે.

Scanned with CamScanner

આયોજકો મારફત દાન-ભેટ આપી શકશે.

(૮) સમૂહલગ્નનો ઓડિટેડ હિસાબ સમાજ મળે ત્યારે આયોજકોએ આપવાનો રહેશે.

(૯) સમૂહલગ્નના આયોજકો કોઈ ગેરરીતિ કરશે તો પરગણાના ગુનેગાર ગણાશે. અને ફરીથી સમૂહલગ્નનું આયોજન કરી શકશે નહીં.

## મૃત્યુ પછીની વિધિ (મરણોત્તર ક્રિયા) :-

(૧) મરણ પ્રસંગે રોવાનું, કુટવાનું છાજિયા લેવાનું સદંતર બંધ છે.

(૨) મરનારની છબી આગળ પુષ્પથી શ્રદ્ધાંજલિ આપવી.

(૩) લોકાચાર ગમે તે બે દિવસ રાખી શકાશે.

(૪) મરણ પ્રસંગે લોકાચાર આવનારને ખીચડી, શાક આપવું મરજીયાત રહેશે.

(૫) શોક ઉતરાવવાની પ્રથા ચાલુ રાખવામાં આવે છે.

(૬) દિકરી-જમાઈના મરણ પ્રસંગે ખાંપણની રકમ આપવાની છૂટ છે.

(૭) શોક મૂકાવતી વખતે સાડી, ધોતી પેટે દરેકને રૂા. ૫૦/- (અંકે) રૂપિયા પચાસ) પુરા રોકડમાં જ આપવા.

(૮) પ્રેત ભોજન સદંતર બંધ છે.

(૯) પોત અને લોકાચાર આપવાનું બંધ છે.



Scanned with CamScanner

## સામાન્ય નિયમો :-

(૧) લગ્ન વખતે કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને મુરતિયાની ઉંમર ૨૧ વર્ષ પુરા હોવા જોઈએ.

(૨) બાળલગ્ન સદંતર બંધ છે.

(૩) કંકુ કન્યા આપવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

(૪) મુરતિયાને પ્રથમ વખત આંગણે બેસાડતી વખતે ઓઢામણ લેવું.

(૫) માંદગી વખતે દવાખાને સગા-સંબંધીની ખબર કરવા જતાં આલમેલ કરવી નહીં.

(૬) જે ગામે સામાજિક ગુનો બન્યો હોય તે ગામે ગુનાની જાણ પરગણાને પંદર દિવસમાં કરવી. જે ગામ આવી જાણ નહીં કરે તે ગામ પરગણાનું ગુનેગાર ગણાશે અને પરગણું ગુનાના ગુણ-દોષ પ્રમાણે ધારે તે શિક્ષા કરશે.

(૭) કન્યા ત્યાંના દહેજ પ્રમાણે અન્ય પરગણામાં લગ્ન વ્યવહાર થઈ શકશે. કન્યા ત્યાંનું દહેજ એટલે, જે કન્યાના લગ્ન થતાં હોય તે કન્યાના પરગણાના બંધારણ રીત-રિવાજ પ્રમાણે દરેક પ્રસંગમાં વર્તવાનું રહેશે.

(૮) આપણું પરગણું (૧૩૫ પાટણવાડા સમસ્ત વણકરપંચ) વર્ષમાં બે વખત નીચે મુજબના સ્થળે અને સમયે મળશે.





Scanned with CamScanner

૧) એપ્રિલ માસનો છેલ્લો રવિવાર બપોરે ૨-૦૦ કલાકે અને ડિસેમ્બરનો છેલ્લો રવિવાર બપોરે ૨-૦૦ કલાકે ૧૩૫ પાટણવાડા વણકર સમાજ શૈક્ષણિક ટ્રસ્ટ સંચાલિત સિદ્ધાર્થ વિદ્યાલય, સોમનાથ રોડ, મહેસાણા.

(૯) ઉપરોક્ત બંધારણના ઠરાવો નિયમો અને બંધારણ અંગેના છેવટના અધિકારો પરગણા પાસે રહેશે. બંધારણમાં સુધારા કે નવું બંધારણ ઉપરોક્ત જણાવેલ સ્થળે જ કરી શકાશે.

નોંધ :- આવશ્યકતા પ્રમાણે પરગણુ ગમે ત્યારે મળી શકશે.

(૧૦) આ બંધારણનો ચૂસ્તપણે અમલ કરવાનો / કરાવવાનો રહેશે.

(૧૧) એક જ ગામના (મહોલ્લાના) દીકરી-દીકરા લગ્ન કરી શકશે નહીં. કરશે તે પરગણાનો મોટો ગુન્હેગાર ગણાશે.

(૧૨) બંધારણનો ભંગ કરનાર અથવા બંધારણ વિરૂદ્ધ પ્રવૃત્તિ કરનાર સમાજનો /પંચનો ગુન્હેગાર ગણાશે અને સમાજ તેનો ન્યાય કરશે.

(૧૩) ૧૩૫ પાટણવાડા પરગણાના તમામ ગામોમાં આ બંધારણનો જ અમલ કરવાનો રહેશે. અન્ય પરગણાના ગામો સાથે કન્યા ત્યાંનું દહેજ પ્રમાણે બંધારણનો અમલ કરી શકાશે.





Scanned with CamScanner

## ૧૩૫ પાટણવાડા વણકર સમાજ વણકર વસ્તી પંચના ગામની યાદી

**પાટણ તાલુકો**

૧. દુ:ખવાડા પાટણ
૨. સરાય પાટણ
૩. બગવાડા પાટણ
૪. વિલોડીયાવાસ પાટણ
૫. ડોડીયાવાસ પાટણ
૬. મણુંદ
૭. બાલીસણા
૮. સંડેર
૯. રણુંજ
૧૦. કુણઘેર
૧૧. કણી
૧૨. ધારણોજ
૧૩. ધારપુર
૧૪. વાગડોદ
૧૫. મીઠીવાવડી
૧૬. ચારૂપ
૧૭. સબોસણ
૧૮. આંબાપુરા
૧૯. સંખારી
૨૦. ભીલવણ
૨૧. કાંસા
૨૨. ડેર
૨૩. સમોડા
૨૪. બેપાદર
૨૫. ધનેરા

**ચાણસ્મા તાલુકો**

૧. ચાણસ્મા
૨. ધીણોજ
૩. વડાવલી
૪. કંબોઈ
૫. પલાસર
૬. લણવા
૭. પીંઢારપુર
૮. જાખાના
૯. વસાઈ
૧૦. ફીંચાલ
૧૧. કેશણી
૧૨. ધાણોધરડા
૧૩. ગંગેટ
૧૪. ચવેલી
૧૫. જસલપુર
૧૬. વાસણા
૧૭. પીંપળ
૧૮. મીઠાધરવા
૧૯. ખારાધરવા
૨૦. ટાકોદી
૨૧. બ્રાહ્મણવાડા
૨૨. ખારીધારીયાલ
૨૩. મીઠીધારીયાલ
૨૪. મણીયારી
૨૫. ખોખલા
૨૬. દાણોદરડા
૨૭. સેવાળા
૨૮. છમીસા

**હારીજ તાલુકો**

૧. હારીજ
૨. અડીયા
૩. ગોવના
૪. તંબોળીયા
૫. બોરતવાડા
૬. એકલવા
૭. સરવાળ
૮. જૂના માંકા

**મહેસાણા તાલુકો**

૧. પાંચોટ
૨. છઠીયારડા
૩. પાલોદર
૪. તળેટી
૫. મોટીદાઉ
૬. બામોસણા
૭. બોદલા
૮. દેવીનાપુરા
૯. ગોરાદ
૧૦. વિરતા
૧૧. ખરસદા
૧૨. દવાડા



જે પ્રજા પોતાનો ઇતિહાસ જાણતી નથી તે પ્રજા ઈતિહાસનું સર્જન કરી શકતી નથી.

Scanned with CamScanner

# ૧૩૫ પાટણવાડા વણકર સમાજ વણકર વસ્તી પંચના ગામની યાદી

**ઊંઝા તાલુકો**

૧. ઉંઝા
૨. ઉનાવા
૩. ઉપેરા
૪. નવાપુરા
૫. મક્તુપુર
૬. કરલી
૭. દાસજ
૮. ભાંખર
૯. પળી
૧૦. ઐઠોર
૧૧. ડાભી
૧૨. વિસલવાસણા
૧૩. વણાગલા
૧૪. રણછોડપુરા
૧૫. ટુંડાવ
૧૬. સીહી
૧૭. કંથરાવી

**બહુચરાજી તાલુકો**

૧. કનોડા
૨. મોટપ
૩. જેતપુર
૪. વિજાપુરડા
૫. એંદલા
૬ કાલરી
૭. બેચર
૮. શંખલપુર
૯. ડોડીવાડા
૧૦. ગાંભુ
૧૧. દેલવાડા
૧૨. સાંપાવાડા
૧૩. સૂરજ
૧૪. અંબાલા

**વિસનગર તાલુકો**

૧. વાલમ
૨. ખંડોસણ
૩. તરભ
૪.. જેતલવાસણા
૫. સાતુસણા
૬. ભાન્ડુ
૭. વડુ
૮. પુદગામ

## તાલુકાના ગામની સંખ્યા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પાટણ તાલુકા | ૨૫ | ૫. | ઉંઝા | ૧૭ |
| ૨ | ચાણસ્મા તાલુકા | ૨૮ | ૬. | બહુચરાજી તાલુકા | ૧૪ |
| ૩ | હારીજ | ૦૮ | ૭. | વિસનગર તાલુકા | ૦૮ |
| ૪ | મહેસાણા તાલુકા | ૧૨ | | કુલ | ૧૧૨ |



Scanned with CamScanner

# શ્રી પાટણવાડા વણકર સમાજ વિકાસ મંડળ

સંચાલિત

## ૧૩૫ પાટણવાડા વણકર સમાજ ભવન

**સ્થાપના વર્ષ : ૨૯/૬/૧૯૮૩**


પાટણ-ઊંઝા રોડ, મુ. હાંસાપુર, તા.જિ.પાટણ.

રજી.નં.એ/૬૮૦/પાટણ.




Scanned with CamScanner

**માયા તું માનવ ખરો પણ દેવતણો અવતાર**
**જન્મ્યો આ જગતમાં કરવા પરોપકાર**



**વીરમાયા દેવ**

Scanned with CamScanner